વીવેકપંથી ૮૮

તંત્રીની કલમે

દુબલે કાજી બનવું જરુરી ખરું ?

તા. ૧૬-૭-ના એક અખબારી અહેવાલનો આ સંક્ષેપ જુઓ : શીર્ષક છે, **'પાલીતાણામાં અનૈતીક પ્રવૃત્તીઓ પ્રત્યે રોશ'** અને જુઓ અહેવાલની આ વીગત...

'જૈનોના જાણીતા યાત્રાધામ પાલીતાણામાં દારુ છુટથી મળી રહે છે. ઉપરાંત લલનાઓનો સાથ અને નોનવેજ આઇટમો પણ છુટથી મળે છે. શહેરના જુદા જુદા ગેસ્ટ હાઉસોમાં નીયમીતપણે મહેફીલો યોજાય છે, જે દુશણ સામે શહેરીજનોમાં આક્રોશ ફેલાવા પામ્યો છે.'

'અહીં અસંખ્ય ધર્મશાળાઓ આવેલી હોઇ ગેસ્ટ હાઉસનો ધંધો ઓછો ચાલે તે સંજોગમાં ગેસ્ટ હાઉસના સંચાલકો શોખીનોને જગ્યા પુરી પાડે છે, જેનો લાભ માત્ર તાલુકાના જ નહીં, પણ જીલ્લાભરના લોકો લે છે.'

પાલીતાણાની પવીત્રતા જાળવી રાખવા તંત્રવાહકો કોઇની પણ શેહશરમ રાખ્યા વીના પગલાં ભરે તેમ પાલીતાણાની ધર્મપ્રેમી જનતા ઇચ્છી રહી છે.'

આપણે જોયું કે સમાચારના અંત ભાગે પાલીતાણાની પવીત્રતા જળવાઇ રહે તેવી લોકલાગણી પ્રદર્શીત કરવામાં આવી છે, તો પ્રથમ આપણે 'પવીત્ર' શબ્દનો અર્થ ઉકેલીએ.

કે. કા. શાસ્ત્રીના બૃહદ્ ગુજરાતી કોશમાં અર્થ આ પ્રમાણે છે : પવીત્ર = શુદ્ધ, નીર્મલ, પાવન (પાવનનો અર્થ આપ્યો છે -પવીત્ર શુદ્ધ), ચોખ્ખું, શુદ્ધ ચારીત્ર્યવાળું.

આમાંના કોઇ અર્થમાં ધર્મ કે ધાર્મીકતાનો ભાવ નથી. હા, આરોગ્ય સાથે એનો દેખીતો સંબંધ વર્તાય છે. પણ વહેવારમાં 'પવીત્ર' શબ્દને ધાર્મીકતા સાથે જડબેસાખ જોડી દેવામાં આવ્યો છે અને ઉપરના અહેવાલમાં પણ એવો જ અર્થ ઉપસે છે. બાકી શુદ્ધી કે સ્વચ્છતા સાથે ધર્મસ્થાનોને નીસબત કેટલી ?

આપણે રેશનાલીસ્ટ દૃશ્ટીએ આ વાત વીચારીએ.

અહેવાલમાં 'શોખીન' શબ્દ વપરાયો છે. શોખીન એટલે મોજીલું. તો મુળભુત રીતે માણસ મોજીલું પ્રાણી જ છે અને મોજ કરવાના પ્રત્યેકના પ્રકાર પોતીકા હોય છે.

જીવનની પ્રમુખ અનીવાર્યતાઓ ત્રણ ગણાવાઇ છે. આહાર, નીદ્રા અને મૈથુન. આપણી આજની વાત ત્રીજી અનીવાર્યતા સાથે સંબંધીત છે. પ્રશ્ન એ છે કે જે સ્થળે આહાર અને નીદ્રા લઇ શકાતાં હોય તે સ્થળે મૈથુનનો છોછ શા માટે ? એની જુદી ચીંતા શા માટે ? જે પ્રકૃતી છે, તેને પવીત્રતાના નામે ધર્મ સાથે શા માટે જોડવી ?

જરા જુદી રીતે પણ આ વાત વીચારી શકાય. કહે છે કે પાલીતાણામાં સંખ્યાબંધ ધર્મશાળાઓ હોવાના કારણે ગેસ્ટ હાઉસોના ધંધા ચાલતા નથી. આ સંજોગોમાં ગેસ્ટ હાઉસ સંચાલકો સામે બે જ માર્ગો રહે. (૧) ગેસ્ટ હાઉસને તાળાં મારીને લાખોનું નુકસાન વેઠી લેવું અથવા (૨) ધંધો ચાલુ રાખવા માટેના વીકલ્પો વીચારવા. કોઇ પણ ધંધાદારી માણસ તો બીજો વીકલ્પ જ શોધે ને ! બસ, પાલીતાણાના ગેસ્ટ હાઉસ સંચાલકોએ એમ કર્યું અને શોખીનો સાથે તેમનો મેળ બેસી ગયો.

વ્યવસાયીક વીચારણામાં અહીં એક ત્રીજું તત્ત્વ પણ સંકળાયું છે અને તે છે દૈહીક વ્યાપાર કરતી લલનાઓ. આ વીશયના સર્વેક્ષણનું કંઇક એવું તારણ આવ્યાનું સાંભળ્યું છે કે દેહવ્યાપાર શોખ ખાતર ઓછો અને જરુરત ખાતર ઘણો વધુ થતો હોય છે.

ભરપેટ આહાર અને નીરાંતની નીંદર જેને મળતી નથી-જે કારમા અભાવો વચ્ચે સતત પીડાય છે, જેની પાસે નથી કોઇ અન્ય સાધન. તેવી નારીએ નાછુટકે દેહવ્યવસાયના માર્ગે વળવું પડતું હોય તો તેવી નારી રોશને નહીં પણ કરુણાને પાત્ર ગણાય.

હકીકતે સંબંધીત ત્રીપુટી (૧) શોખીન માણસ, (૨) ગેસ્ટ હાઉસનો સંચાલક અને (૩) દૈહીક વ્યાપાર કરતી લલનાની ચીંતા ચોથા કોઇ તત્ત્વે તો કરવી જ ના જોઇએ.

તમે પુણ્ય કમાવા માટે યાત્રાએ ગયો છો અથવા કોઇ યાત્રાધામના નાગરીક હોવાનું ગૌરવ ધરાવો છો તો એજ તમારો વીશય રાખો ને ! અન્યના ચારીત્ર્યની ચોકી આપણે શા માટે કરવી ? તમારે જેની સાથે સંબંધ જ નથી તેના પર રોશ ઠાલવવાનો અર્થ શો ? ક્યાંક એવું તો નથી ને કે એ રોશ પાછળ કોઇ ગુપીત ભાવ છુપાયો હોય !? જય જીનેન્દ્ર !!!

આધુનીક ભુવાઓને સાથે મળીને પડકારીએ

૩૦ આસપાસના એક તેજસ્વી યુવાન, કે જે પ્રાઇવેટ લીમીટેડ કંપની સ્થાપીને હાનીરહીત વાસ્તુ ઉપચાર પદ્ધતીએ લોકોના આરોગ્ય, સંબંધો, નાણાકીય બાબતો કાનુની સમસ્યાઓ અને આત્મીક ઉન્નતી ક્ષેત્રે સારવાર આપે છે. અને કોઇપણ સમસ્યાના વાસ્તુ દ્વારા ઉકેલ લાવતાં જાહેર પ્રવચનો પણ યોજે છે. કહેવાની જરુર નથી કે આધુનીક ઢબે જેનો જોમવંતો પ્રચાર પણ ચાલુ છે.

જનહીત મંચના ઉપક્રમે અધ્યક્ષ ભગવાનજી રૈયાણીએ એને પડકાર્યો. તા. ૬-૭-૦૯ના ધ્યાનાકર્શક પત્ર (નોટીસ) દ્વારા એમણે એના સંબંધીત ક્ષેત્રોમાં જોઇતાં પ્રમાણપત્રો માગ્યાં અને જો પ્રતીતીકર પ્રતીભાવ નહીં મળે તો કાનુની પગલાં ભરવાની ચેતવણી પણ આપી.

યુવાને નોટીસનો પાણીથીય પાતળો જવાબ આપીને રુબરુ મુલાકાત માંગી. રૈયાણીએ તા. ૧૧મીએ પોતાના ઘેર તેને નોતરીને લક્ષ્મીદાસ ખટાઉ અને ગુલાબ ભેડાને પણ બોલાવ્યા. એ મુલાકાતની વીગત આપણે યોગ્ય સમયે તપાસીશું.

હાલ તરત તો ભગવાનજીભાઇ આધુનીક ભુવાઓ સામે જનહીત અરજી (રીટ પીટીશન) ફાઇલ કરવા ઇચ્છે છે અને તે માટે વીવેકપંથી મીત્રોનો સાથ-સહકાર માગે છે.

તો મીત્રો, તમારી જાણ કે માહીતીમાં એવા જે કોઇ ધંધાદારી હોય કે જેઓ વાસ્તુશાસ્ત્ર, જ્યોતીશ, રેકી, ફેંગશુઇ જેવી કોઇ પણ પ્રૅક્ટીસ કરતા હોય તેનાં પુરાં નામ-સરનામાં સહીતની માહીતી નીચેના સરનામે લખી મોકલો.

ભગવાનજી રૈયાણી

અધ્યક્ષ-જનહીત મંચ, કુબેર ભુવન, બજાજ રોડ, વીલેપાર્લે (પ), મુંબઇ-૪૦૦૦૫૬, ફોન: ૨૬ ૧૪ ૮૮ ૭૨, મો. ૯૮ ૨૦ ૪૦ ૩૯ ૧૨.

લૈંગીક વહેવારમાં ઉદારતા

'(રેશનાલીસ્ટ) લૈંગીક વહેવારમાં ઉદાર હોય' મીત્ર જયંતી પટેલે વ્યાપક અર્થવાહી વાતને આ રીતે ઓછામાં ઓછા શબ્દમાં ખુબીપુર્વક સમાવી છે, જેને દસ્તાવેજ 'દશા અને દીશા'માં અપાયેલા રેશનાલીસ્ટનાં ૩૦ લક્ષણોમાં ૧૪મા લક્ષણ તરીકે નોંધવામાં આવ્યું છે.

રમણ પાઠકે એ લક્ષણને સ્પશ્ટ કર્યું છે. ''પરસ્ત્રી-પરપુરુશ વચ્ચે લગ્નબાહ્ય સંબંધ હોય તો રુઢીચુસ્તો કે ધાર્મીકો જેવા અભીગમો દાખવે છે તેવું રેશનાલીસ્ટ ના કરે. મતલબ કે એવા સ્ત્રી-પુરુશને ધીક્કારે કે ફટકારે નહીં, મહાપાપી ના લેખાવે. એના બદલે ઉદારતા, સહાનુભુતી તથા મનોવૈજ્ઞાનીક વૈજ્ઞાનીક આધાર પર એ સમજવા-સ્વીકારવાનો અભીગમ દાખવે.'' (વીવેકપંથી અંક ૭૧, પાનું ૨૧).

રેશનાલીસ્ટ માન્યતામાં તો આમેય લૈંગીક વહેવાર બે વ્યક્તીઓ વચ્ચેનો અંગત વહેવાર છે. એમાં રસ લેવાનો કે હસ્તક્ષેપ કરવાનો ત્રીજા કોઇને અધીકાર હોઇ ના શકે.

આ તથ્ય કોઇપણ રેશનાલીસ્ટ ઉંડાણથી સમજતો-સ્વીકારતો હોય છે, પણ એની જાહેર ચર્ચા ટાળવાનો પ્રયત્ન કરે છે. ખરેખર એમ કરવું જરુરી નથી. જેટલી મોકળાશથી રેશનાલીસ્ટનાં અન્ય લક્ષણો ચર્ચાય, તેટલી જ મોકળાશથી પીઢ અને સક્ષમ રેશનાલીસ્ટોએ સેક્સની ચર્ચા પણ કરવી જ જોઇએ. કારણ કે જીવનનું એ અત્યંત મહત્ત્વનું પાસું હોઇને એ વીશયમાં મૌન અથવા અજ્ઞાન જીવન પર ઘેરી અસર કરે છે. સેક્સ વીશયે સમાજમાં સેવાતા ઉચાટો હળવા કરવા એ પણ માનવસેવા જ છે.

સમલૈંગીક અર્થાત્ સજાતીય સંબંધ પણ લૈંગીક વહેવારનું જ એક પાસું છે, જેની વ્યાપક અને મોકળી ચર્ચા છેલ્લા દીવસો દરમીયાન સારા પ્રમાણમાં થઇ છે. મેડીકલ સાયન્સ હોમોસેકસ્યુઆલીટીને જાતીય જીવનનો એક પ્રકાર માત્ર ગણે છે.

હાઇકોર્ટે એ વીશયમાં તા. ૨જી જુને આપેલા ચુકાદાના હવાલાથી તા. ૩ જુલાઇના દીવ્ય ભાસ્કરના અગ્રલેખમાં તંદુરસ્ત ચર્ચા થઇ છે તે જેટલી મનનીય તેટલી જ રેશનાલીઝમની નજીક લાગતાં અહીં શબ્દસહ સાભાર પ્રસ્તુત છે.

સજાતીય સંબંધોને માન્યતા તરફ ડગલું

સજાતીય સંબંધો ધરાવતો વર્ગ ખુશ થઇ જાય એવો ચુકાદો દીલ્હી હાઇકોર્ટે આપ્યો છે. પુખ્ત વયના પુરુશો વચ્ચેનો એકબીજાની સહમતીથી બંધાતો સંબંધ ગેરકાયદે ન ગણી શકાય, તેવો ચુકાદો આવ્યો છે. અત્યાર સુધી બંધારણની ૩૭૭મી કલમ મુજબ સજાતીય સંબંધો ગુનો ગણાતા હતા. ગે રાઇટ્સ માટે લડતા લોકોએ આ કલમ સામે સમયાંતરે લડત ચલાવી છે અને થોડા સમય પહેલાં જ કેન્દ્ર સરકારે પણ ૩૭૭મી કલમને અપ્રસ્તુત ગણાવીને તેને દુર કરવાની હીમાયત કરી હતી. ધીમે ધીમે વીશ્વના ઘણા દેશોમાં સજાતીય સંબંધોને માન્યતા મળવા માંડી છે. ભારતમાં આ દીવસ કદાચ દુર હશે પણ અસંભવ નહીં હોય.

સમાજનો એક મોટો વર્ગ સજાતીય સંબંધો સામે નાકનું ટીચકું ચડાવે છે, તેને અકુદરતી ગણાવે છે. તેમની સામે સામાજીક ટેબું સતત પ્રતીબીંબીત થયા કરે છે. જોકે, સજાતીય સંબંધો સામાન્ય માણસો માટે ભલે અકુદરતી હોય, ગે માટે તે જરુરીયાત છે. જે પુરુશને સ્ત્રી સાથે સંબંધ રાખવામાં કોઇ સંતોશ ન મળતો હોય અને પુરુશ સાથેના સંબંધોથી તૃપ્તી મળતી હોય તે કાયદાને કારણે સંતુશ્ટીથી દુર રહે તે આધુનીક વીચારસરણીમાં બંધબેસતી બાબત નથી. ગે રાઇટ્સના હીમાયતીઓ તો એટલે સુધી કહે છે કે આ વીકૃતી નથી, પ્રકૃતી છે. અકુદરતી નથી, કુદરતી છે. છતાં વીવીધ ધર્મ અને સમાજમાં તેને માન્યતા નથી મળી. તેનો વીરોધ થયો છે અને તેને પાપ અથવા ગુનો ગણવામાં આવ્યો છે. હવેનો સમાજ મુક્તસમાજ છે. દરેક નાગરીક પોતાની રીતે જીવવા માટે મુક્ત છે. તેમને સેક્સનો આનંદ કઇ રીતે મેળવવો તે માટે કાયદાની મંજુરીની જરુર પડે તે મોડર્ન સમાજને માન્ય નથી.

સજાતીય સંબંધોનો વીરોધ કરનારા બધા કટ્ટર નથી. સર્વેમાં એવું જણાયું છે કે સમાજનો મોટો વર્ગ તેને અયોગ્ય ગણાવે છે, પણ પરંપરાવાદીઓનો વીરોધ હંમેશાં બોલકો હોય છે. દીલ્હી હાઇકોર્ટના ચુકાદાની સામે સુપ્રીમ કોર્ટમાં જવાનું શુરાતન ભાજપને ઉપડ્યું છે. કૉંગ્રેસ તેલ જુઓ, તેલની ધાર જુઓની નીતી અપનાવીને આ ચુકાદાની પ્રતીક્રીયાઓ જાણ્યા પછી જ નીવેદન કરવાનો નીર્ણય કરી ચુકી છે. હકીકત એ છે કે સજાતીય સંબંધોને માન્યતા અપાય તેમાં આભ તુટી પડવાનું નથી. આજે પણ ભારતમાં ૨૫ લાખથી વધુ ગે છે. ગુજરાતનાં મોટાં શહેરોમાં હજારો ગે વસે છે અને તેઓ પોતાનાં મંડળો ચલાવે છે. માન્યતા મળતાં તેઓ કાયદાની અને પોલીસની બીક રાખ્યા વગર સુખ મેળવી શકશે. સમાજને તેનાથી કોઇ મોટો ફરક પડી જવાનો નથી. જે વ્યક્તી ગે નથી તેને સજાતીય સંબંધોમાં મજા આવવાની નથી એટલે માન્યતા મળવાથી સજાતીય પ્રવૃત્તીને બહુ ઉત્તેજન મળે તેવું નહીં બને. સજાતીય સંબંધોથી એઇડ્સ ફેલાવાનું જોખમ વધે છે, એવું કેન્દ્રના આરોગ્ય મંત્રાલયે જ કહ્યું હતું. આ હકીકતને ધ્યાનમાં લેવી પડે, નહીંતર ઓડનું ચોડ થઇ જશે.

ઇશ્વરનું અનસ્તીત્વ પ્રચારવાની અનીવાર્યતા

- રમણ પાઠક 'વાચસ્પતી'

''ઇશ્વર છે કે નહીં ?-એની ચર્ચા કરવાનો અર્થ જ નથી; માટે એવી ચર્ચા કરો જ નહીં ! આ વીવાદનો કોઇ અંત નથી, ચોક્કસ નીર્ણય પર આવી શકાય એમ નથી... ઇત્યાદી''-આવા અનુરોધો અવારનવાર વીવીધ દીશાએથી થાય છે; જેમાં વીદ્વાન વીચારકો પણ સમાવીશ્ટ છે. દા.ત. 'વીવેકપંથી'-૮૬માંનો તુલસીભાઇ પટેલનો લેખ પણ કંઇક એવું જ સુચવે છે.

મારા મતે 'ઇશ્વર છે'-એવી હકીકતના પુરાવા કે તરફેણની દલીલો જુજ છે. વધુમાં વળી તે નીર્બળ, અજ્ઞાનજનીત, અતાર્કીક તેમ જ અસ્પશ્ટ છે. દા.ત. 'આ બધું કોણે બનાવ્યું ?' 'કોણ ચલાવે છે ?' 'સજીવતા કે જીવ એટલે શું ?' વગેરે વગેરે. એકદમ ચીલાચાલુ દલીલો ? એથી ઉલટુ, 'ઇશ્વર નથી'-એ હકીકતના પુરાવા કે એની તરફેણની દલીલો વધુ મજબુત, સચોટ, સંખ્યામાં અનેકગણી વધારે, તંતોતંત તર્કબદ્ધ તથા અનુભવગમ્ય કે સાક્ષાત છે, પણ આજે મારે એ ચર્ચા નથી કરવી (અનેકવાર અવશ્ય કરી ચુક્યો છું.)

'ઇશ્વર છે જ'-એમ માનીને માનવજાતના જીવનવ્યવહારમાં જે ભયાનક પરીસ્થીતી પ્રવર્તે છે, તે શું ચુપચાપ ચાલવા દેવા જેવી છે ?

બીજું કે, ઇશ્વરની વીભાવના સામાન્ય જનવ્યવહારમાં સ્પશ્ટ જ છે, માટે 'એની વ્યાખ્યા જ નથી'-એમ કહેવામાં ઉતાવળ છે. વળી, વ્યવસ્થીત પ્રચારમાં કે ચર્ચામાં, 'એ આક્રોશ છે' 'છબછબીયાં છે'-એવા નીર્ણયો કે ફેંસલા કયા આધારે આપી શકાય ? જો કે આજે આ ચર્ચાય અહીં નથી કરવી.

આજે તો સવાલોનોય ભયંકર સવાલ તો એ છે કે, 'ઇશ્વર છે જ'-એમ માનીને બહુમતી માનવજાતના નક્કર જીવનવ્યવહારમાં જે ભયાનક, વીનાશક પરીસ્થીતી પ્રવર્તે છે, તે શું ચુપચાપ નીશ્ક્રીય રહીને ચાલવા દેવા જેવી છે ? માનવજાતની અસહ્ય વ્યથા-પીડા, અસહાયતા-ગુલામી, અન્યાય, રીબામણી, ભેદભાવ ને ભાગલા, વેરભાવ અને પરસ્પર ત્રાસવાદ, અમાનવીય લાગણીહીન બગાડ, વૈભવ-વીલાસ, સાધનસંપત્તીની અર્થહીન, અંધ, બંધીયાર જમાવટ, સ્ત્રી-બાળકો પર ત્રાસ (દા.ત. દેવદાસી કે બાળદીક્ષા જેવી પ્રથાઓ), ભવ્યાતીભવ્ય છતાં સાવ બીનજરુરી બાંધકામો, મેળાવડા, વરઘોડા, જાત્રાઓ, પર્યાવરણનું પ્રદુશણ વગેર વગેરે ગણ્યાં ગણાય નહીં, એટલાં અનીશ્ટો ઇશ્વરને નામે, એટલે કે 'ઇશ્વર છે'-એમ પાકું માનીને ચાલે છે, ત્યારે શું આપણી એ નૈતીક ફરજ નથી બની રહેતી કે લોકોને સમજાવીએ કે જ્યારે 'ઇશ્વર જ નથી', ત્યારે ભાઇઓ, શા માટે આ મીથ્યા, પરપીડક તથા આત્મઘાતી પ્રવૃત્તીઓ આચરો છો ?' જેમ અન્ય દુર્વ્યવહાર વીરુદ્ધ સંબંધીત વ્યક્તીને સમજાવવા માટે દલીલો કરવી પડે, તેમ ઇશ્વરને નામે થતા ભયાનક તથા અર્થહીન દુર્વ્યવહારો નાબુદ કરાવવા માટે પણ લોકોને પાયાની એ હકીકત કે 'ઇશ્વર નથી', એ દાખલા-દલીલો તથા તર્કબદ્ધ ચર્ચા તથા પુરાવા સહીત સમજાવવી એ આપણી રેશનાલીસ્ટોની અનીવાર્ય ફરજ જ બની રહે છે, એવો મારો નમ્ર મત છે.

અંતમા, 'વીવેકપંથી'-૮૬માંથી જ કેટલાક ભયાનક કે ચીંતાજનક અથવા તો નાબુદ કરાવવાલાયક 'ઇશ્વરજનીત' દાખલા, 'વીચીત્રવૃત્તાંત'માંથી જ ટાંકું :

(૧) બેકારી દુર કરવા માટે ચોરવાડના સંચીતાઇ માતાના મંદીરમાં ચાર યુવાનોએ ૬૦ ઘેટાંના બલી ચઢાવ્યા. (આપણે જાણીએ જ છીએ કે ક્યાંક માનવબલી પણ ચઢાવાય છે, બાળકોના તો ખાસ !)

(૨) શીરડીના સાઇબાબાને છેલ્લા બે વર્શમાં જ ૨૨૪ કીલો સોનું, ૬૭૫ કીલો ચાંદી અને ૧૪૧ કરોડનું રોકડ ગુપ્તદાન મળ્યું છે. (આ માનવવીરોધી બગાડ ગણાય, ખાસ તો ભારતની કારમી ગરીબીના સંદર્ભે).

(૩) મથુરાના વૃંદાવન મંદીરના બાલકૃશ્ણ સૌ પ્રથમ બુલેટપ્રુફ કવચ ધરાવતા ભગવાન બન્યા છે. તીરુપતી

બાલાજી પછીના આ સૌથી શ્રીમંત ભગવાન છે.

(૪) ટાટાની 'નેનો' કારને અનેક મંદીરોમાં ફેરવવામાં આવી અને અધીકારીઓએ ત્યાં પુજાપાઠ કર્યા.

(૫) બીકાનેરના પોર્ટા કેબીનના માલીક પંડીત શીવનારાયણે અભીશેક માટે એક લાખ શીવલીંગની સ્થાપના કરી છે. અહીંના શીવ તાંત્રીકો મંત્ર દ્વારા સાપનું ઝેર મફત ઉતારી આપે છે.

આ સીવાયના તાંત્રીક વીદ્યાના કે ડાકણને પથ્થર મારી છુંદી નાખવા જેવા સમાચારો પણ અત્યંત પરોક્ષ રીતે પણ, ઇશ્વરના અસ્તીત્વની માન્યતા સાથે જ સંકળાયેલા ગણી શકાય-માટે ઇશ્વર હોય કે ન હોય તો પણ (એ તો વીજ્ઞાન આખરી શોધ કરે ત્યારની વાત છે) જે જાતના ઇશ્વરમાં સજ્જડ કે જડ રીતે માનીને લોકો ઉપર પ્રમાણેના ભયાનક અનીશ્ટો આચરે છે, એવો કોઇ ઇશ્વર તો નથી જ-એવો પ્રચાર અનીવાર્ય જ બની રહે છે. આપણા મર્હુમ મીત્ર, સુસજ્જ તથા પ્રખર રેશનાલીસ્ટ જવાહર મહેતા (ઇશ્વર નહીં, ધર્મ નહીં !)નું સુત્ર કંઇ અમસ્તા નહોતા પ્રચારતા. આજે એમની ગંભીર ખોટ સાલે છે....

દોસ્તો, અત્યંત નાદુરસ્ત તબીયત તથા તનતોડ અશક્તીને કારણે આ લેખ એકદમ ટુંકમાં લખ્યો છે. આશા રાખું છું કે મીત્રો વધુ વીગતે આ મહત્ત્વની ચર્ચા આગળ ચલાવે !

આવો ઇશ્વર હોય તોય શું કામનો ?

- વીક્રમ દલાલ

- 'ઇશ્વર જે કરે છે તે સારા માટે જ' એમ મનાય છે, પરંતુ કોઇ માતાના એકના એક જુવાનજોધ દીકરાનું અકસ્માતમાં અવસાન થાય તો તેમાં સારું શું ? ઇશ્વર પ્રત્યેની ભાટાઇ એ ભક્તી નથી, પણ પોતાની લાચારી છુપાવવા માટે જાત સાથે કરેલી છેતરપીંડી છે.
- આપણું જીવન ટકાવી રાખવા માટે જ જો ઇશ્વર વરસાદ પાડતો હોય તો તે શા માટે દરીયામાં વરસાદ પાડતો હશે ?
- સદ્‌ગુણી થવાની જેની ઇચ્છા પ્રબળ છે તેને કોઇ રોકી શકતું નથી. જેની ઇચ્છા પ્રબળ નથી તેને કોઇ મદદ કરી શકતું નથી. ઇશ્વરનું અવલંબન આ બન્ને પરીસ્થીતીમાં નીરુપયોગી છે.
- કોઇ ગુંડાને કેન્સર થયું હોય તો 'પોતાનાં પાપ ભોગવે છે' અને રમણ મહર્શીને કેન્સર થયું તો 'ભગવાન ભક્તની પરીક્ષા કરે છે' એમ માનવું બરાબર છે ?
- સૌને પોતાનાં કરેલાં કાર્યોનાં ફળ ભોગવવાં જ પડે છે તેવું ઇશ્વરવાદીઓ ઢોલ પીટીને કહેતા હોય છે. જ્યારે હીન્દુસ્તાન અને પાકીસ્તાનના ભાગલા પડ્યા ત્યારે કેટલીય સ્ત્રીઓ ઉપર અત્યાચાર થયા. માની લઇએ કે તેમણે ગયા જન્મનાં કરેલાં કર્મોની શીક્ષા થઇ તો શું શીક્ષા કરવાની ઇશ્વરી રીત આવી છે ?
- જો ઇશ્વર પાસે માગણી કરવી પડતી હોય તો તેને અંતર્યામી કેવી રીતે કહી શકાય ?
- ઘટનાઓના ઉકેલ મેળવવા માટે ઇશ્વરવાદીઓ કરતાં વીજ્ઞાનીઓ વધારે પ્રમાણીક છે, કારણ કે જ્યારે કોઇ ઘટના સમજાવવા માટે તેઓ અસમર્થ હોય ત્યારે ખુલ્લા દીલે તેનો સ્વીકાર કરે છે, જ્યારે ઇશ્વરવાદીઓ તેવે સમયે પાપ-પુણ્ય, નસીબ, ગયા જન્મનાં કર્મો વગેરેના ચક્કરમાં પ્રશ્નને ગુંચવે છે અથવા ટાળે છે. પ્રશ્નને ગુંચવવો એ પ્રશ્નનો ખરો અને કાયમી ઉકેલ નથી.
- 'ઇશ્વર' એ કુદરતી ઘટનાઓના ઉકેલ શોધવા માટે બીનતાર્કીક વ્યક્તીઓએ કરેલા પ્રયત્નોની નીશ્ફળતા ઢાંકવા માટે ઉભો કરેલા ભ્રમ છે- જે મોટાભાગની વ્યક્તીઓ માટે 'ઉપયોગી' છે.
- ઇશ્વરની ઇચ્છા વગર પાંદડું હાલતું નથી તેમ માનતા ઇશ્વરવાદીઓએ આંગણામાં તુલસીક્યારો બનાવીને ઇશ્વરનું કામ વધારવાના પાપમાં પડવું જોઇએ ?
- ડૉક્ટર પાસે ઉપચાર કરાવનારા ઇશ્વરવાદીઓ સાજા થવા માટે ઇશ્વરની કૃપાને કારણભુત ગણે ત્યારે તેઓ ડૉક્ટરના કાર્યની અવગણના કરીને ઉપકારનો બદલો અપકારથી વાળે છે. આવા નગુણાઓ જ્યારે માંદા થાય ત્યારે ડૉક્ટર

પાસે જવા કરતાં પોતાના ધર્મગુરુ કે ધર્મસ્થાને જ જવું જોઇએ.

- જો તમારો 'ઇશ્વર' સર્વશક્તીમાન હોય તો તે અન્ય સંપ્રદાયના અનુયાયીઓને શા માટે પેદા થવા દેતો હશે ?
- ડૉક્ટર પાસે ઉપચાર કરાવનાર ઇશ્વરવાદી છુપો નાસ્તીક જ છે, કારણ કે તેને ઇશ્વરની વીવેકબુદ્ધી અને સર્વોપરીતા ઉપર અંદરખાનેથી વીશ્વાસ નથી.
- પરીક્ષા કરવી એનો અર્થ જ એ કે પરીક્ષાર્થીના મનથી પરીક્ષક માહીતગાર નથી. જો ભગવાનને ભક્તની પરીક્ષા કરવી પડતી હોય તો તેને અંતર્યામી કેવી રીતે કહી શકાય ?
- કહેવાય છે કે 'ખુદા કે રાજ મેં દેર હોગી લેકીન અંધેર નહીં હૈ' આ સાચું હોય તો પણ જો 'દેર' મારા જીવનકાળ કરતાં પણ લાંબી હોય તો તેવા ઇશ્વરનો મારે શો ખપ ?
- જે ઇશ્વર ક્રીયાકાંડ, ભક્તી, ભોગ, બાધા અને માફી માંગવાથી રીઝાતો હોય તે ઇશ્વર અનુક્રમે બાલીશ, ખુશામતપ્રેમી, લાંચીયો, ક્રુર અને અભીમાની હોવો જોઇએ. આવા ઇશ્વરને સર્વશક્તીમાન ગણવો કે આંતકવાદી ? દયાળુ અને પ્રેમાળ વ્યક્તી બીજાને ત્રાસ થાય અથવા તેનું આત્મગૌરવ હણાય તેવું ઇચ્છતી નથી.
- ધાવણી ચુસતાં બાળક અને માળા ફેરવતા ભગતને સાંત્વના મળે પણ તેથી કંઇ તેમનો વીકાસ ન થાય.
- જે ઇશ્વરવાદી મનુશ્યની બુદ્ધીને અવગણવાનું કહે છે તે ખરેખર તો ઇશ્વરની સમજણ વીશે શંકા રાખે છે, કારણ કે તેમની માન્યતા મુજબ તો બુદ્ધી પણ ઇશ્વર જ આપે છે.
- નામ રુપ જુજવાં, અંતે તો પથ્થર એ પથ્થર.
- જે કહેવાતા આસ્તીકો કહેવાતા અંતર્યામી ઇશ્વર પાસે માંગણી કરતા હોય છે તેમને ખરેખર તો ઇશ્વરની વીવેકબુદ્ધીમાં શ્રદ્ધા જ હોતી નથી.
- સમસ્યા દુર કરવામાં નીશ્ફળતા મળે ત્યારે કેટલાક લોકો લાચાર થઇને દીન બની જાય છે જ્યારે કેટલાક તેનો સામનો કરીને રસ્તો શોધવાની મથામણ કરે છે. સમસ્યા તરફના અભીગમમાં રહેલા તફાવતને કારણે પહેલા પ્રકારની વ્યક્તીઓ ઇશ્વરવાદી અને બીજા પ્રકારની વ્યક્તીઓ વીજ્ઞાની બને છે.
- જે ઘટનાનું નીર્માણ આપણે જાણીબુઝીને કર્યું હોય તેની જવાબદારી અને હક્ક આપણાં જ હોવાં જોઇએ. આપણા કાર્યમાં નીશ્ફળતા આવે તો દોશનો ટોપલો બીજા ઉપર ઢોળવો એ જેમ ખોટું છે, તેમ આપણી સફળતાનો યશ ઇશ્વરને આપવો એ પણ એટલું જ ખોટું છે.
- દલીલ ખાતર માની લઇએ કે ઇશ્વર છે તો પણ તેની પુજા કરીએ, વખાણ કરીએ કે ભેટ ધરીએ તો જ તે આપણી ઉપર પ્રસન્ન રહે એટલો બાલીશ તો ન જ હોય.
- જ્યાં જ્ઞાન છે ત્યાં ઇશ્વર રહી શકતો નથી ! ઇશ્વર હંમેશાં જ્ઞાનની પેલે પાર જ અસ્તીત્વ ધરાવી શકે. તેથી જ માંદગી વખતે પહેલાં તો ડૉક્ટરને બોલાવવામાં આવે છે. જ્યારે ડૉક્ટરની સમજ કે ઉપચારની મર્યાદા આવી જાય ત્યારે જ ઇશ્વરનો સહારો લેવામાં આવે છે.
- ઇશ્વર જંગલો બનાવી શકે પણ બગીચો નહીં.
- ઇશ્વર એ વણઉકેલાયેલા પ્રશ્નોનો કામચલાઉ ઉકેલ છે.

હીલેરીની હાજરજવાબી

હીલેરી ક્લીન્ટન વીશેની અનેક વાતોમાં આ પણ એક વાત :

ચુંટણીપ્રચાર દરમીયાન એક પેટ્રોલપંપવાળાએ હીલેરીને બુમ મારી અને હીલેરી પ્રેમથી તેને ભેટ્યાં. ક્લીન્ટનને એનો પરીચય કરાવતાં કહ્યું, ''આ મારા કૉલેજકાળનો બૉયફ્રેન્ડ.'' બન્નેએ હસ્તધુનન કર્યું.

વળતાં ગાડીમાં ક્લીન્ટને હીલેરીને કહ્યું, ''સારું થયું કે તારાં લગ્ન આ પેટ્રોલપંપવાળા સાથે ના થયાં. થયાં હોત તો તારી શી દશા થાત ?''

હાજરજવાબી હીલેરીએ કહ્યું, ''એ અમેરીકાનો પ્રમુખ થાત; પણ તારી દશા શું થાત !''

મોરારજીભાઇને ઉતારી પાડતાં પહેલાં યોગ્ય સંશોધનની જરુર હતી

- મોહન પટેલ (માજી શેરીફ-મુંબઇ)

'**વી**વેકપંથી'નો ૮૫મો અંક વાંચ્યો અને હંમેશની માફક ખુબ આનંદ થયો. પણ પાના નં. ૨૫ ઉપર દીવ્ય ભાસ્કરમાંથી સારવેલો વીનોદ ભટ્ટનો **'શીક્ષકના ખમીર સામે મુખ્ય પ્રધાનનું ગુમાન'** એ શીર્ષકે વલ્લભવીદ્યાનગર ખાતે બનેલ પ્રસંગ અંગેનો લેખ છપાયો છે તે સાચો હોવાનું મને ગળે ઉતરતું નથી.

હું બીરલા વીશ્વકર્મા મહાવીદ્યાલયમાં ૧૯૫૪ અને ત્યાર પછીના ગાળામાં આમંત્રીત વક્તા તરીકે પ્રવચનો આપતો હતો અને પ્રીન્સીપાલ એસ. વી. જુન્નરકર સાહેબના આમંત્રણથી ત્યાં ઇલેક્ટ્રોનીક એન્જીનીયરીંગના વીશય પર વારંવાર પ્રવચનો આપ્યાં છે. ભાઇકાકા પણ આ કૉલેજની પ્રવૃત્તીઓમાં વીશેશ ધ્યાન આપતા હતા અને હું તેમના સંપર્કમાં હતો. મોરારજીભાઇવાળો કોઇ પ્રસંગ ત્યાં બન્યો હોય એવું મારા ધ્યાનમાં નથી અને મોરારજીભાઇ આટલી હદે ક્રોધ અને નીર્લજ્જતાનું પ્રદર્શન કરે અને તે પણ ખાસ કરીને જ્યારે કોઇ સાથી મંત્રીની ઉપર ભ્રશ્ટાચારનો આરોપ તેમની હાજરીમાં થયો હોય ત્યારે !

એક સારા અને કુશળ મુત્સદ્દી તરીકે તેઓ કે બીજું કોઇપણ એ વ્યક્તી ઉપર જ એ આક્ષેપનો ઉત્તર આપવાની જવાબદારી સોંપી દે. ભાઇકાકા કે છેવટે તત્કાલીન ઉપકુલપતી મહત્ત્વની આવી સભામાં અને પ્રમુખપદે હાજર હોય જ, પણ લેખમાં લખાયો છે તેવો કોઇ પણ ઉલ્લેખ નથી. જુન્નરકર સાહેબ એન્જીનીયરીંગ કૉલેજમાંથી નીવૃત્તી મેળવ્યા બાદ વીદ્યાનગર આવ્યા હતા અને ખુબ વીનમ્ર અને ઓછાબોલા સ્વભાવના હતા.

તેઓ મોરારજીભાઇ સામે આવું કડક વલણ ગમે તેવા સંજોગોમાં પણ લઇ શકે તે માન્યામાં આવતું નથી.

ઉપરાંત મારે ડૉ. આલુબેન દસ્તુર સાથે દાયકાઓની મૈત્રી હતી. કોઇ દીવસ એમણે આ પ્રસંગનો ઉલ્લેખ કર્યો નથી.

જો કે, ગાંધીજી, મોરારજીભાઇ, ગાંધીવાદ અને ગાંધીને નામે ચરી ખાનારાઓની જમાત, આઝાદીની ચળવળ વગેરે.... વીશયો પર અમારે હંમેશાં વાતો થતી.

હું પોતે વીદ્યાનગરની સરદાર વીદ્યાપીઠ જોડે બહુ નીકટતાથી સંકળાયેલો હતો. નવ વર્શ તો તેની સેનેટ પર હતો. મને આવો પ્રસંગ બન્યાનો કોઇ જગ્યાએ કે કોઇ પ્રસંગે ઉલ્લેખ માત્ર પણ મળ્યો નથી.

એટલે હું ઇચ્છું છું કે મોરારજીભાઇ દેસાઇને આટલી હદે ઉતારી પાડતાં પહેલાં સંશોધન કરીને હકીકતની ચોકસાઇ કરવી જરુરી હતી.

આ જ અંકમાં પાના નં. ૬થી શરુ થતા લેખોમાં ધર્મ અને વીજ્ઞાન વીશે ચર્ચાઓ થઇ છે અને ખાસ તો મારા મીત્ર ડૉ. જે. જે. રાવલના વીચારો તેમ જ ડૉ. વીજય મહેતાના અભીપ્રાય રજુ થયા છે તેના સંદર્ભમાં મેં લખેલ એક નાની પુસ્તીકા 'ધર્મ અને વીજ્ઞાન' આ સાથે મોકલું છું. હું આશા રાખું છું કે તેમાંનું લખાણ તમને રસદાયી લાગશે.

[લેખકે આ વાત 'દીવ્ય ભાસ્કર' અને વીનોદ ભટ્ટના ધ્યાન પર પણ લાવવી જોઇએ. આપણે સંબંધીત પ્રસંગ સાપ્તાહીક પુર્તી ના તા. ૫-૪-૦૯ના છેલ્લા પાના પરના વીનોદ ભટ્ટના 'ઇદમ્ તૃતીયમ્'માંથી લીધો હતો. - તંત્રી]

બળાત્કારો અટકાવવાના ઉપાયો

- દીનેશ પાંચાલ

હમણાં સુરત, જામનગર, મુંબઇ, રાજકોટ વગેરેમાં સામુહીક બળાત્કારની દુર્ઘટનાઓ બની ગઇ. માણસના દીમાગમાં કામવાસનાનું કુકર ફાટે ત્યારે બળાત્કાર થાય. સ્ત્રી સદીઓથી પુરુશો તરફથી આવો જુલમ સહન કરતી આવી છે. એના ઉપાય અંગે ચીંતન કરવું એ આજની તાતી જરુરીયાત છે. આપણે એ દીશામાં થોડું વીચારીએ. એક ડૉક્ટર કહે છે : ''સૌ પ્રથમ તો બળાત્કાર સમયે સ્ત્રીએ દાંતો વડે કે નખો વડે પુરુશને લોહી નીકળે એવી ઇજા પહોંચાડવી જોઇએ. તે બે રીતે ઉપયોગી બની શકે. પુરુશોનો ઇન્દ્રીયગત આવેગ મંદ પડી જાય અને વધારામાં એ લોહી સ્ત્રીના શરીર પર લાગ્યું હોય તો બળાત્કારીને પકડવા માટે

પોલીસના ઇન્વેસ્ટીગેશનમાં તે મદદરુપ થઇ શકે. (સ્ત્રીઓના નખમાં ફસાઇ ગયેલા પુરુશના વાળ પરથી તેને પકડી શકાયો હોય એવા ઘણા કીસ્સા બન્યા છે) પુરુશોમાં લાંબા સમયથી રુંધાયેલો જાતીય આવેગ બળાત્કારના માર્ગે વીસ્ફોટીત થાય છે. સમાજે એ માટે વેશ્યાલયોનો ઘૃણાપુર્વક નહીં પણ ગંભીરતાપુર્વક સ્વીકાર કરવો જોઇએ. કરોડપતીનો દીકરો રોટલી ચોરતો નથી. ગરીબ માણસનું ભુખ્યું બાળક જ રોટલી ચોરવા મજબુર બને છે. એ રીતે જાતીય ભુખમરો વેઠતા ક્રીમીનલ પ્રકારના માણસો જ બળાત્કારો કરે છે. સંસ્કૃતમાં કહેવાયું છે-'બુભુક્ષીત: કીમ ન કરોતી પાપમ્.... (અને) કામાતુરાણામ્ ન ભયમ્ ન લજ્જા... !'

રજનીશજીએ પણ કહેલું-વેશ્યાને ધીક્કારનારા દંભી સમાજને ખબર નથી કે સેક્સવર્કરો પોતાનો ધંધો બંધ કરી દેશે તે દીવસે ઇજ્જતદાર ઘરોની વહુ-દીકરીઓના શીયળ સલામત નહીં રહે !' વાત ખોટી નથી. ઘર વીનાનો એક માણસ લારી પર જમી શકે. પુલના ગરનાળા કે પ્લૅટફાર્મ પર સુઇને ચલાવી શકે, પણ પોતાની જાતીયભુખ સંતોશવા માટે વેશ્યા સીવાય એની પાસે કોઇ વ્યવસ્થા નથી. ગામડાઓમાં કુવાઓમાં કાચબો કે માછલી નાખવામાં આવે છે. તે કુવાનાં જીવજંતુઓને ખાઇ જઇને પાણીને શુદ્ધ રાખે છે. તેવી જ ભુમીકા સમાજમાં વેશ્યાઓ નીભાવે છે. સેક્સવંચીતોની જાતીયતાને વેશ્યાઓ સંભાળી ના લેતી હોય તો સમાજમાં ઇજ્જતદાર ઘરોની વહુ-દીકરીઓ પર મોટા પાયે બળાત્કારો થતા હોત. બીજી રીતે કહીએ તો વેશ્યાઓ પગની ચામડીને ગરમીથી બચાવી લેતી ચંપલ જેવી ભુમીકા ભજવે છે.

રજનીશજીએ પણ કહેલું-વેશ્યાને ધીક્કારનારા દંભી સમાજને ખબર નથી કે સેક્સવર્કરો પોતાનો ધંધો બંધ કરી દેશે તે દીવસે ઇજ્જતદાર ઘરોની વહુ-દીકરીઓનાં શીયળ સલામત નહીં રહે !'

યાદ રહે. નારીસમાજની સલામતી મંદીરો કે બાગબગીચાઓ કરતાં વેશ્યાલયોમાં વધુ સમાયેલી છે. જંગલોની સલામતી માટે વાઘ-સીંહ જેવાં હીંસક પશુઓની રક્ષા કરવામાં આવે છે. તે રીતે સ્ત્રીજાતીને બળાત્કારીઓથી બચાવવા માટે વેશ્યાલયો એટલાં જ જરુરી છે. એઇડ્સના ખતરાથી માણસને બચાવવો હોય તો અમેરીકા અને જાપાનની જેમ સેક્સવંચીતો માટે નીઃશુલ્ક સેક્સડૉલની વ્યવસ્થા કરવી જોઇએ. વસતીવાળા એરીયામાં જેમ જાહેર ટોઇલેટની વ્યવસ્થા હોય છે તે પ્રકારે સેક્સડૉલની પણ નીઃશુલ્ક વ્યવસ્થા હોવી જોઇએ, જેથી વેશ્યાની કીંમત ન ચુકવી શકતા ગરીબ સેક્સવંચીતો તેનો ઉપયોગ કરે અને એ રીતે તેમના તરફનો સંભવીત ખતરો દુર થાય. (સૌને ખબર છે કે રબરમાંથી બનાવવામાં આવેલા સ્ત્રીના પુતળાને સેક્સડૉલ કહેવામાં આવે છે. સમાજને દારુના અડ્ડા, જુગારના અડ્ડા, ડ્રગ્સના અડ્ડા કે વેશ્યાનાં કુટણખાનાં પરવડતાં હોય તો આવી 'જાતીય પરબ' પણ જરુર પરવડવી જોઇએ) પ્રથમ નજરે ઉપાય ગળે ઉતરે એવો નથી, પરંતુ ચાર-પાંચ વર્શની જીવતી ઢીંગલીઓ કોઇ હવસખોરના હાથે પીંખાઇ જાય તેના કરતાં રબરની ઢીંગલી ચુંથાય એ આખા સમાજ માટે રાહતભરેલી બાબત છે.

તમે 'ચેસ્ટીટી બેલ્ટ'નું નામ સાંભળ્યું જ હશે. યુરોપમાં એક જમાનામાં સ્ત્રીઓની જાતીય પવીત્રતા અકબંધ રાખવા માટે તેને 'ચેસ્ટિટી બેલ્ટ' પહેરાવવામાં આવતો. પરદેશ જાય ત્યારે પોતાની પત્ની ક્યાંક અભડાઇ ન જાય તે માટે એ બેલ્ટને પત્નીના જાતીય અંગ પર પહેરાવી તાળુ મારી ચાવી પતી પોતાની સાથે લઇ જતો. અહીં વીચારવાનું એ છે કે જે રીતે માણસે સાપના ઝેરમાંથી જ ઝેરમારણનું ઇંન્જેક્શન બનાવ્યું તે રીતે સ્ત્રીના શોશણ માટે પુરુશોએ શોધેલી આ તરકીબનો ઉપયોગ કરીને સ્ત્રીને બળાત્કારીઓથી પણ બચાવી શકાય. સ્ત્રીઓ એ બેલ્ટ પહેરે તો પુરુશોથી બળાત્કાર થઇ શકતો નથી. રાશ્ટ્રીય મહીલા પંચને વીનંતી કે તેઓ પ્રત્યેક બળાત્કારી મહીલાને બે લાખ રુપીયા ચુકવવાનો ઠરાવ સરકાર પાસે કરાવી શક્યા છે ત્યારે સાથોસાથ આવા ઉપાયો પણ સુચવે જેથી સરકારનાં પૈસા બચી શકે અને સ્ત્રીઓને આસાનીથી સલામીત પ્રાપ્ત થઇ શકે. બળાત્કારને રોકી શકવાની ગૅરન્ટી આપતા એ બેલ્ટનું ઉત્પાદન સરકારના પ્રયત્નો દ્વારા શક્ય બની શકે. અરે...! દેશના કરોડો

અંધશ્રદ્ધાળુઓ માટે પ્લાસ્ટીકનાં લીંબુ અને મરચાં બનાવી શકતા હોય તો આપણી બહેન-દીકરીઓની સલામતી માટે એવા બેલ્ટ ન બનાવી શકાય ? હેલમેટ પહેરવાનું અગવડભર્યું છે પણ માથાની સલામતી માટે આપણે તે પહેરીએ છીએ. સ્પોન્ડોલાઇટીસ જેવા ગરદનના રોગ માટે ગળે પહેરવાનો પટ્ટો મળે છે. માણસ તે પહેરે ત્યારે શોભતો નથી, છતાં પહેરે છે. આ બળાત્કાર પ્રતીરોધક બેલ્ટને પણ સ્ત્રીસુરક્ષાના સંદર્ભે આવકારી શકાય. એ બેલ્ટને અત્યાધુનીક ટેકનૉલૉજી વડે (મેન્સીસના 'સ્ટેફી' નેપકીન જેવો) મુલાયમ બનાવી શકાય, જેથી સ્ત્રીઓને તે પહેરવામાં કોઇ અડચણ ન પડે. દર ૫૪ મીનીટે એક બળાત્કાર (અને હવે તો ૬૦ મીનીટમાં બે બળાત્કાર થાય છે) તે દેશમાં બળાત્કારના વળતર માટે બે લાખ રુપીયાના હીસાબે અબજો રુપીયાનું આંધણ થવાનું હોય તેની તુલનામાં આવા 'એન્ટી રેપ' બેલ્ટ ઉપલબ્ધ કરાવવાથી ઓછા ખર્ચે સ્ત્રીઓને જીવનભરની સુરક્ષા પ્રાપ્ત થઇ શકે.

મેડીકલ સંશોધન દ્વારા જ શક્ય બને એવો બીજો ઉપાય એ છે કે જે રીતે આગ લાગે ત્યારે તે હોલવવા માટે દુકાનો, ઑફીસો વગેરેમાં અગ્નીશામકનાં સીલીન્ડરો મુકવામાં આવ્યાં હોય છે તે રીતે એક નાની સ્પ્રે બૉટલ વીકસાવી શકાય. એ સ્પ્રે બૉટલનું કદ ટચલી આંગળીના ટેરવા જેટલું હોય જેથી તે ગળાના હાર કે મંગળસુત્રમાં સહેલાઇથી રહી શકે. બળાત્કારપુર્વે સ્ત્રી સીફતપુર્વક પુરુશના ચહેરા પર તે છાંટી દે જેથી ગણતરીની ક્ષણોમાં પુરુશ બેહોશ બની જાય. આવા આયોજન દ્વારા બળાત્કારથી બચી જ શકાય પણ ગુનેગાર પણ તરત પકડાઇ શકે. (એ જ દીશામાં અન્ય સ્પ્રે એવું પણ બનાવી શકાય જે નાકમાં જવાથી પુરુશનો જાતીય આવેગ તત્કાળ મંદ પડી જાય અને તે બળાત્કાર કરી શકે એવી શારીરીક સ્થીતીમાં જ ન રહી શકે.

આ તમામ સુચનો નારીવાદી સંસ્થાઓ, રાશ્ટ્રીય મહીલા પંચ તથા સરકારના મહીલા કલ્યાણ ખાતાને સમર્પીત છે. ખાસ કરીને જે દેશમાં એક કલાકમાં બે બળાત્કારો થતા હોય ત્યાં આવા ઉપાયો વીશે યુદ્ધના ધોરણે વીચારણા થવી જોઇએ. ચર્ચાપત્રીઓ વધી ગયેલા કુતરાઓને ઇંન્જેક્શન મુકવાનો ઉપાય સુચવે છે, તે પ્રકારનું અન્ય સુચન એ છે કે સમાજમાં કુખ્યાત બની ગયેલા ગુંડા, મવાલી, લોફર જેવા સેંકડો અસામાજીક તત્ત્વો વસતી વચ્ચે જીવે છે, જેઓ બહાર લારી પર જમીને ફુટપાથ પર સુવે છે, જેમનો પરીવાર હોતો નથી, પરીવારે જેમને ઘરમાંથી કાઢી મુક્યા હોય છે તેવા ક્રીમીનલોને તેમની લાંબા સમયથી રુંધાયેલી જાતીયતા ઉશ્કેરે છે ત્યારે તેઓ બળાત્કાર કરે છે. તેમનો રેકોર્ડ પોલીસચોકીના દફતરે હોય છે. સ્ત્રીઓની જાહેર સુરક્ષા ખાતર એવા ક્રીમીનલોને 'ઍન્ટીસેક્સ' ઇન્જેક્શનો આપી તેમનો જાતીય આવેગ ખતમ કરી દેવો જોઇએ.

એક પ્રોફેસરનો દીકરો અર્ધપાગલ હતો. તે ઉંમરમાં આવ્યા પછી જાહેરમાં અનેકવાર બીભત્સ હરકતો કરવા લાગ્યો હતો. તે મહોલ્લામાં સૌને ચીલ્લાઇને કહેતો- મારાં મા-બાપ મારાં લગ્ન નથી કરાવતાં. તેણે મહોલ્લાની ઘણી છોકરીઓ પર અંધકારનો લાભ લઇ બળાત્કાર કરવાની કોશીશ કરી હતી. મા-બાપ સહીત આખો મહોલ્લો પરેશાન હતો. અંતે તેમણે ડૉક્ટરની સલાહ લીધી. ડૉક્ટરે એ યુવાનને તેની જાતીયવૃત્તી મંદ કરી દેવાના 'ઍન્ટીસેક્સ' ઇન્જેક્શનોનો કોર્સ લખી આપ્યો. ઇન્જેક્શનોથી મા-બાપ અને તે યુવાનને જ નહીં, આખા મહોલ્લાને શાંતી થઇ ગઇ. સમાજના ક્રીમીનલોને પણ એવાં ઇન્જેક્શનો આપીને એકવીસમી સદીની સ્ત્રીને બળાત્કારના ખતરામાંથી મુક્ત કરી શકાય. એ પ્રકારની જાતીયતા પ્રતીરોધક રસીઓ પોલીઓની રસી જેટલી જ કલ્યાણકારી નીવડી શકે. ગામડામાં ખેડૂતો બળદને સાંઢ બનતો અટકાવવા માટે તેની 'ખસી' કરાવી દેતા હોય છે. એ જ રીતે એવા ક્રીમીનલોની પણ ખસી કરાવી દેવી જોઇએ, જેથી તેઓ જેલ બહાર હોય તો પણ નીરુપદ્રવી બની રહે. એમ કહો કે જેઓ કોબ્રા જેવાં ખતરનાક હોય તેમના ઝેરી દાંત નશ્ટ કરી દેવા જોઇએ. ખુનીને ફાંસીની સજા આપી શકાતી હોય તો ક્રીમીનલોને ખસીની સજા કેમ નહીં ? ફાંસી કરતાં ખસી ઓછી ક્રુરતાવાળી સજા છે. ચાલો સો વીચારીએ.

ખુનીને ફાંસીની સજા આપી શકાતી હોય તો ક્રીમીનલોને ખસીની સજા કેમ નહીં ?

૧૨૦૦ની 'બૉણી' કરાવે છે ઔરંગાબાદના ગોપાલ પટેલ

મેના પહેલા અઠવાડીયામાં એક પરબીડીયું મળે છે, જેમાં રુ. ૧૩૦૦/-ના બૅન્ક ડ્રાફ્ટ સાથે પત્ર છે. ઔરંગાબાદના ગોપાલ પટેલ લખે છે, 'નવા વર્ષના રુ. ૧૨૦૦/-ની સ્કીમમાં રુ. ૧૨૦૦/- અને ચાલુ વર્ષના લવાજમના રુ. ૧૦૦/- જોડીને રુ. ૧૩૦૦/-નો બૅન્ક ડ્રાફ્ટ સ્વીકારશો. ટપાલખર્ચમાં ટેકો કરવા રુ. ૧૦૦/-ની ટપાલટીકીટો પણ સામેલ છે.'

મોરારીબાપુ પેટ્રોલ પુરે છે

તા. ૧૦મી જુલાઇએ આંગડીયા મારફત એક પૅકેટ મળે છે, જેમાં રુ. ૧૧૦૦૦/- રોકડા સાથે એક મીતાક્ષરી ચીઠ્ઠી છે...

સાદર પ્રણામ.

કુશળ હશો. 'વીવેકપંથી' કાર્ય માટે ચીત્રકુટધામ-તલગાજરડાથી પ્રસાદી રુપે નાનીએવી રકમ રુ. ૧૧૦૦૦/- મોકલીએ છીએ, જે સ્વીકારશો. - **મોરારીબાપુ** કૈલાસ-મહુવા

૨૭મી ફેબ્રુઆરીના બાપુ સાથેના સંવાદમાં 'વીવેકપંથી'ના તંત્રીએ 'પ્રસાદી'ને પેટ્રોલ ગણાવી હતી. તે વાચકોને યાદ હશે જ. મહત્ત્વ તો છે ગતી અને દીશાનું.

રેશનાલીઝમના માર્ગે માનવીય સુખની દીશામાં તીવ્ર ગતી કરવા જરુરી પેટ્રોલ પુરવા વાર્શીક રુ. ૧૨૦૦ની યોજનામાં સહભાગી બની રુ. ૧૨૦૦/-નો VIVEKPANTHIના નામનો A/C Payee ચેક આજે જ રવાના કરો.

મીત્રપ્રેમ

જવાહર મહેતાના મીત્ર ચંદુલાલ પારેખ સીકંદરાબાદથી મુંબઇ આવ્યા. ૧૭મીએ વીલેપાર્લે-નાના ભાઇ ભરતને ઘેર નાનકડી સભોજન સંગીત મહેફીલ રાખી અને મહેફીલને અંતે તંત્રીના હાથમાં રુ. ૧૨૦૦/- મુકતાં કહ્યું, 'જવાહરને ગયે આજે સાત મહીના પુરા થયા. એણે આપેલી યોજનામાં આ રુ. ૧૨૦૦/- રાખો.'

જવાહર યોજના

અમેરીકા બેઠે વેબસાઇટ પર ૮૭મો અંક વાંચીને પ્રવીણ વે. શાહ ૨૩મીની વહેલી સવારે ફોન કરે છે. અભીનંદન સાથે કહે છે, ''મને વીદાય આપવા વડોદરાથી આવેલા મુળજીભાઇ ગડા જવાહર યોજનામાં રુ. ૧૨૦૦/- આપી ગયા છે.''

મીત્રો, તમે શું કહો છો ? આ યોજનાને 'જવાહર યોજના'નું નામ આપીશું ?

મંતવ્ય

જૈનોએ વીચારવા જેવી વાત છે વીનોદ વામજાની

હમણાં હમણાં વીનોદભાઇ વામજા લીખીત 'ભુમી સંસ્કાર' આદર્શ અંતીમક્રીયાની ત્રીજી સુધારેલી આવૃત્તીની એક મીત્ર તરફથી ભેટ મળી અને તરત જ એકચીત્તે વાંચી ગયો. સામાન્ય રીતે આવાં પુસ્તકો નીરાંતે વાંચશું એમ કહી બાજુમાં રાખીએ છીએ અને પછી વાંચવાનાં સમુળગાં રહી જાય છે.

આવાં પુસ્તકો વ્યક્તીએ એકચીત્તે વાંચી જવાં જરુરી છે. આપણને સ્વપ્નેય ખ્યાલ ન આવે કે આપણે જાણે-અજાણે પ્રકૃતીને કેટલું બધું નુકસાન કરતા હોઇએ છીએ.

આ પુસ્તકના લેખકે આ જ વીશય પર વર્શોથી અભ્યાસ કરીને ઝીવણટભરી માહીતી એકઠી કરીને સમાજ સમક્ષ મુકી છે, તે ખરેખર ધન્યવાદને પાત્ર છે.

અગાઉ આ પુસ્તક વાંચીને પર્યાવરયણ-મીત્રો કાંતીસેન શ્રોફ (વી.આર.ટી.આઇ.-માંડવી) તથા એલ. ડી. શાહે (કોટી વૃક્ષ અભીયાન) પોતાના મૃતદેહને બાળવાને બદલે ભુમીસંસ્કાર કરવાની જાહેરાત કરી છે, જેના પગલે અનેક પર્યાવરણ મીત્રોએ એનું અનુકરણ કર્યું છે.

તાર્કીક રીતે આપણે કહી શકીએ કે મૃતદેહને બાળવાનો રીવાજ હજારો વર્શથી ચાલ્યો આવે છે, શું તે ખોટો છે ? આપણા સમાજમાં ચાલ્યા આવતા કેટલાક રીવાજો આપણે સમજ્યા વગર ચલાવી રહ્યા છીએ. વીશ્વમાં ૭૫થી ૮૦ ટકા લોકો મૃતદેહને દાટે છે. ફક્ત આપણા ભારતમાં અમુક જ્ઞાતીઓમાં મૃતદેહોને બાળવાનો રીવાજ છે. હીન્દુઓમાં પણ ઘણી જાતીઓ મૃતદેહનો ભુમીસંસ્કાર કરે છે.

આપણે જૈનો અને હીન્દુઓ અહીંસાવાદીઓ છીએ. આપણને ખ્યાલ પણ નહીં હોય કે આપણા મૃતદેહની સાથે બળી મરતાં લાકડાંમાં અસંખ્ય જીવો હોય છે તે પણ આપણી સાથે શહીદ થાય છે. દર વર્શે મૃતદેહને બાળવા માટે વપરાતાં લાકડાંને કારણે હજારો એકર જમીન વૃક્ષવીહોણી બનતાં પર્યાવરણમાં જબરજસ્ત અસંતુલન પેદા કરે છે, જેને કારણે દુકાળ, અતીવૃશ્ટી તેમજ વાવાઝોડા જેવી ઘટનાઓ બને છે અને હવે 'ગ્લોબલ વોર્મીંગ' શબ્દ તો રોજ સમાચારપત્રો દ્વારા એક ભાલાની જેમ ભોંકાય છે. દુનીયાના ડૉ. અબ્દુલ કલામ સહીત શ્રેશ્ઠ વૈજ્ઞાનીઓએ આની ચેતવણીઓ વખતોવખત આપી છે પણ ભૌતીકવાદની દોડમાં આપણે વીવેક ગુમાવી રહ્યા છીએ.

વીનોદ વામજાએ અથાગ મહેનતથી તૈયાર કરેલ પુસ્તક ખરેખર દરેક વ્યક્તીએ વાંચવા અને મનન કરવા જેવું છે. તેમાં પણ અહીંસાને વરેલા જૈનોએ તો ખાસ આના પર વીચારવા જેવું છે. આપણા ધાર્મીક સદ્‌ગુરુઓ અને મહાજનો પણ આના પર વીચારીને સમાજને માર્ગદર્શન આપે તો ખરેખર પર્યાવરણ ક્ષેત્રે એક સારી સેવા કરેલી ગણાશે.

આશા છે કે ધર્મધુરંધરો સમાજને યોગ્ય માર્ગદર્શન આપી જૈનોને ઘોર હીંસા કરતા જરુર અટકાવશે.

- કીશોર ગડા

૧૦૪, નીશ્ચલ નગર, કોડોય પુલ-કચ્છ.

બાળદીક્ષા લેનારા જૈનમુની ભાગી છુટ્યા ?

તા. ૩૦મી જુનના ગુજરાતી મીડ-ડેના પહેલા પાને ચમકાવેલા સમાચારનો સાર પ્રસ્તુત કરું છું.

'અમદાવાદથી મુંબઇમાં બોરીવલી ખાતે ચાતુર્માસ કરવા આવી રહેલા કલાપુર્ણ સંઘાડાના ૨૫ વર્શના મુની ધર્મધ્યાનવીજયજી મહારાજસાહેબ ૧૭ જુને વીરાર પાસેના સાતીવલી ગામ પાસેથી રહસ્યમય રીતે ગાયબ થઇ જતાં જૈન સમાજમાં ખળભળાટ મચી ગયો છે.

આચાર્ય ભગવંત કલાપુર્ણસુરીશ્વરજી મ.સા.ના શીશ્ય અને અત્યારે બોરીવલી (પ.)માં આવેલા બોરીવલી મંડપેશ્વર આદીશ્વર જૈન દેરાસરમાં ચાતુર્માસ કરી રહેલા મુની તત્ત્વદર્શનવીજયજી મ.સા. અને તેમના ચેલા મુની ધર્મધ્યાનવીજયજી મ.સા. ૨૪ જુને અશાઢી બીજના દીવસે મુંબઇ ચાતુર્માસ કરવાના હતા, પણ તે અગાઉ ૧૭ જુને મુની ધર્મધ્યાનવીજયજી લાપતા થઇ ગયા હતા.

જૈન સમાજના અગ્રણીઓએ બદનામીના ડરે આ કીસ્સો દબાવી દેવાની કોશીશ કરી હતી.'

પ્રશ્ન એ થાય છે કે આવા તો કેટલા કીસ્સા દબાવી દેવામાં આવતા હશે ?

- નરેન્દ્ર મસરાણી

૧૦, અંબરવીહાર, કાંતીનગર, અંધેરી (પુર્વ), મુંબઇ-૫૯.

શું માનવબુદ્ધીથી પર કશું જ ના હોય ?

ભારત દેશમાં જ્યાં પ્રજા નાત-જાત, રુઢી-સંપ્રદાય. ક્રીયાકાંડો અને વહેમો-કુરીવાજોમાં સબડે છે, ત્યાં વીવેકબુદ્ધીવાદનું એક જીવનપદ્ધતી તરીકેનું મુલ્ય જરા પણ ઓછું આંકી શકાય નહીં. આપણે આ બધાથી બહાર નીકળવું જ રહ્યું અને પ્રજાને તે તરફ દોરવી જ રહી. તેથી જ વીવેકબુદ્ધીનો પ્રચાર-પ્રસાર એક આગવું મહત્ત્વ ધારણ કરે છે, એમાં ભાગ્યે જ કોઇ વીચારવાન વ્યક્તી અસહમત થઇ શકે. આ દીશામાં 'વીવેકપંથી' મહત્ત્વની સેવા બજાવી રહ્યું છે. પણ આટલું સ્વીકાર્યા પછી મારે પ્રવૃત્તીના હીતચીંતક તરીકે બે-ચાર મુદ્દા ધ્યાન પર લાવવા છે. આ મુંઝવણ કેવળ મારી છે, હું 'વીવેકપંથી' છું, 'વીવેકબુદ્ધીવાદી'

નથી; એટલી સ્પશ્ટતા કરી લઉં.

૧. ઘણા વીવેકબુદ્ધીવાદીઓ વ્યક્તીવીશેશને-એમના પ્રદાનને મુલવતી વખતે બહુધા એકાંગી, આત્યંતીક અને આક્રમક બની જતા હોય તેવું લાગે છે.

૨. યોગ્ય રીતે જ કરાતી ધર્મ-સંપ્રદાયોની ટીકા અને ચીલાચાલુ ધર્મસંસ્થાની બીન-જરુરીયાત સાથે તેઓ અધ્યાત્મની વીભાનવાની પણ ઠેકડી ઉડાવતા દેખાય છે, જે એમની ભીન્ન મત પ્રત્યેની અસહીશ્ણુતા પ્રકટ કરે છે.

૩. ઉપરોક્ત બન્ને વલણો તેમને સામાન્ય શીક્ષીત જનસમુદાય સુધી પહોંચવામાં અંતરાયરુપ બને છે.

૪. માનવબુદ્ધીની પહોંચની બહાર કશું હોઇ જ ન શકે એવું માનવું, મનાવવું એ એક બીનરેશનલ અભીગમ હોય એવું મને લાગે છે. સ્થળ-કાળની અનંતતા શું માનવબુદ્ધીની પહોંચ બહાર જ રહેવા સર્જાઇ નથી ?

૫. પાયાનાં મુલ્યો અધ્યાત્મમાંથી મળે કે વીવેકબુદ્ધીમાંથી મળે; શો ફરક પડે ?

મુદ્દાઓનો યોગ્ય લાગે તે ફોરમમાં ચર્ચા માટે ઉપયોગ જરુર કરી શકાય.

સરવાળે તંદુરસ્ત ચર્ચામાંથી કેવળ પ્રકાશ પ્રાપ્ત થાય અને બીનજરુરી ગરમી ન સર્જાય એ જોવું જરુરી છે. **- નીરંજન શાહ**

'સ્મૃતી' કલ્યાણ સોસાયટી, એલીસબ્રીજ, અમદાવાદ-૬.

તંત્રીલેખોનો સંગ્રહ પ્રગટ કરો

'વીવેકપંથી'ની સામગ્રી વૈવીધ્યપુર્ણ, ગમતીલી છતાં રેશનાલીસ્ટ ગાંભીર્ય ધરાવતી હોય છે, જે અંક મળતાં એકી બેઠકે વાંચી જવાય છે.

ખાસ કરીને તેના તંત્રીલેખો વીશેશ ધ્યાનાકર્શક હોય છે. એના વીશયવૈવીધ્ય અને વીશયનીશ્ઠા પ્રભાવક હોય છે.

એક નમ્ર સુચન કરવાનું મન થાય છે. 'વીવેકપંથી'ના તંત્રીલેખોનો સંગ્રહ પુસ્તીકા રુપે પ્રગટ કરવો જોઇએ કે જેથી એકીબેઠકે એકસાથે અનેક રીતનું રેશનાલીઝમ જાણી-માણી શકાય.

એક અણીશુદ્ધ રેશનાલીસ્ટ તરીકે આપણા આ મુખપત્રે ટુંકા સમયમાં સારું ગજું કાઢ્યું છે જે બદલ તંત્રીની નીશ્ઠાને સલામ.

રેશનાલીસ્ટ **'રવીરાજ'**

૧, પંકજનગર સોસાયટી, પેડક રોડ, બેડીપરા, રાજકોટ-૩.

કડવા તો થવું જ પડે

નવકાર મંત્રથી રોગ મટાડવાના દંભી નીમેશ શાહને પ્રથમ ગુજરાતી મીડ-ડે, ભગવાનજી રૈયાણી, જયંત પંડ્યા અને વીવેકપંથીએ ડામી દેવાનો પ્રયત્ન કર્યો તે અભીનંદનીય છે. ખરેખર તો કોઇ જાગૃત વકીલે આ બદમાશ (૪૨૦) પર ફોજદારી કેસ કરવાની જરુર હતી.

તા. ૩-૫ના મીત્રમીલનમાં એ વીશયની ચર્ચા યોજી તે સારું કર્યું, પણ સમાધાનપ્રીય અને ડરપોક તંત્રીએ વીશયને મથાળું આપ્યું, 'શું નવકાર મંત્રથી રોગમુક્તી થઇ શકે ?' અરે ભાઇ, આમાં પ્રશ્નાર્થને તો સ્થાન જ ક્યાં છે ? દૃઢ મનોબળવાળો કોઇ સત્યવક્તા આવું નબળું મથાળું રાખી ના શકે.

જયંત પંડ્યાની પુત્રીના કાળા લગ્નની ટીકા ડંકેશ ઓઝા સાવ ખોટી રીતે કરે છે. ગુજરાતમાં એમના જેવા બીજા સ્યુડો રેશનાલીસ્ટો (અર્ધદગ્ધ વીવેકપંથીઓ) ગુણવંત શાહ, નગીનદાસ સંઘવી, કાન્તી ભટ્ટ વગેરે કોલમીસ્ટો છે જે ૧૦૦ ટકા નાસ્તીક નથી જ. ડંકેશ ઓઝાને કહેવાનું કે જંયત પંડ્યાનો શુભ ઇરાદો શુકન-અપશુકન, ખોટા દેખાડા અને અંધશ્રદ્ધા દુર કરવાનો જ હતો. એમને શતસઃ ધન્યવાદ જ ઘટે.

કોઇ પણ સાચા રેશનાલીસ્ટે આવા નીડર જાહેર પ્રયોગો કરવા જ જોઇએ. ધર્માંધતા રુપી ગુમડાને ગુલાબથી પંપાળાય નહીં. એના પર કડકાઇથી કાપો જ મુકવો પડે. કડવી દવા આપવા માટે કડવા થવું જ પડે. અંગ્રેજીમાં કહેવત છે કે તમે બધાને બધી વખત ખુશ ના રાખી શકો. શું ડંકેશભાઇ કે તેમના જેવા અન્ય કોઇ આવી સમુળી ક્રાંતી કરી શકશે ?

શું કરું મારા તો બધા જ પ્રસંગો પતી ગયા છે. નહીં તો હું પણ કંઇક એવું જ કરું. ૧૦૦ ટકા

ધર્માંધતા ફેલાવતા મોરારીદાસના ગુરુકુળમાં મીશ્ટાનો જમતાં જમતાં 'સદ્‌ભાવના'ની વાતોનાં વડાં કરવાં સહેલાં છે, પણ નાગા રાજાને નાગો કહેવાનું સહેલું નથી.

હું તો કડવાણી પીરસવા માટે કુખ્યાત છું. ગાંઠના ગોપીચંદને કડવી પુસ્તીકાઓ પ્રગટ કરીને કોપ વહોરું છું. તનદુરસ્તી માટે જેમ ઑપરેશન તેમ મનદુરસ્તી માટે કડવી સત્યવાણી અનીવાર્ય છે જ. ૧૦૦ ટકા સત્યનું નામ જ રેશનાલીઝમ.

પ્રા. જે. પી. મહેતા.

મારી ચેલેન્જ છે

ä માટી-પત્થર કે ધાતુની કોઇ પણ દેવ-દેવીની જડમુર્તી પર કહો ત્યાં, કહો ત્યારે થુંકી કે ગંદુ પાણી નાખી શકું છતાં મારો વાળ પણ એ મુર્તી વાંકો ના કરી શકે.

ä અતી પુજ્ય ગણાતા ધર્મગ્રંથોને દરીયામાં કે આગમાં ફેંકી દઉં છતાં મને કોઇ નુકસાન ન થાય.

આ અને આવી ૨૦ ચેલેન્જો કરતી જે. પી. મહેતાની ઉપરના શીર્શકની ૬ પાનાની ઑર એક પુસ્તીકા જુન ૦૯માં પ્રગટ થઇ છે. પુસ્તીકાના અંતે તેમની 'આટલું કરો' શીર્શકે ભલામણ છે : 'નીર્ભ્રાંત, નીડર, નીખાલસ બની બધી જ ધર્માંધ નોનસેન્સ બંધ કરી નીર્મલ, નીતાર જેવું વૈજ્ઞાનીક બુદ્ધીયુક્ત ને વીવેકી જીવન જીવો. ૭૨ વર્શના આજીવન શીક્ષક ને સદાવીદ્યાર્થી રેશનાલીસ્ટ જે. પી. મહેતાની તમને સૌને આ વીનંતી-આગ્રહ ને ચેલેન્જ છે.

પ્રાપ્તીસ્થાન : બી-૪, પંચશીલ, વીદ્યાભવન સ્કુલ સામે, ઘાટકોપર (પુર્વ), મુંબઇ-૭૭.

મુદ્દાની લડાઇમાં સાથે મળીને ત્રાટકીએ

- ગૌતમ ઠાકર

ગુજરાતભરના સ્વૈચ્છીક સંગઠનોના ૧૦૦ પ્રતીનીધીઓ ગુજરાત વીદ્યાપીઠ, અમદાવાદ ખાતે જનપથ, નાગરીક સ્વાતંત્ર્ય સંગઠન (પીયુસીએલ), ઑલ ઇન્ડીયા સેક્યુલર ફોરમ (મુંબઇ), પીપલ્સ મુવમેન્ટ ઑફ ઇન્ડીયા (દીલ્હી) અગરીયા હીતરક્ષક મંચના ઉપક્રમે તા. ૯ જુનના રોજ ડૉ. સુદર્શન આયંગરની અધ્યક્ષતામાં લોકશાહીની લોકસ્વરાજની યાત્રા અંગે સમુહચીંતન કરવા એકઠા મળ્યા હતા.

આ સમુહ ચીંતનમાં અતીથી વક્તાઓ પ્રા. રામ પુનીયાની, પ્રા. ઘનશ્યામ શાહ તથા ડૉ. કુમાર રાજીવે પંદરમી લોકસભા અસ્તીત્વમાં આવી ચુકી છે ત્યારે લોકશાહીમાં શાહી (સત્તા) રહે છે, પરંતુ લોક યાની નાગરીકનું સ્થાન ક્ષીણ થતું ચાલ્યું છે, ત્યારે પીપલ્સ પોલીટીક્સની તાતી જરુરત છે અને તેના માટે લોકજાગૃતી દ્વારા નાગરીકના સંઘર્શની ભુમીકા સમજાવી હતી.

ગુજરાતના સ્વૈચ્છીક સંગઠનો તથા સંસ્થાઓની મળેલી આ બેઠકમાં ૨૦૦૯ની લોકસભાની ચુંટણીનાં પરીણામોના આધારે આવનાર સમયમાં થનારા પરીવર્તનોની ચર્ચા કરી હતી. બેઠકના અંતે સમાપનના ત્રણ મુદ્દામાં એક રેશનાલીસ્ટ મુદ્દો નીચે પ્રમાણે હતો.

ચુંટણી ૨૦૦૯માં દેશવાસીઓએ ધર્મ વીશેના મુદ્દાને અને તેના આધારે ગોઠવાતી રાજનીતીને જાકારો આપ્યો છે અને આ દેશમાં સૌની સાથે પ્રેમથી રહેવાની તક મળે તે માટે અનુકુળતા કરી આપી છે, પરંતુ માત્ર આ પરીણામથી સર્વધર્મ સમભાવ અને ધર્મનીરપેક્ષતા કાયમ માટે દેશ માટે નક્કી થઇ ગઇ હોય તેમ નથી. ધાર્મીક કટ્ટરતાનો ત્યાગ બધા પક્ષો તથા ધર્મ કરે તે માટે સંગઠનોએ કાયમી તકેદારી રાખવા પ્રયાસો કરતા રહેવા પડશે. ધર્મનીરપેક્ષ સમભાવની પ્રવૃત્તીઓને ઉત્તેજન આપતા રહેવાનું કામ આ સંગઠનો સતત કરશે.

આ સમુહ ચીંતનમાં ગીરીશભાઇ પટેલ, ચુનીભાઇ વૈદ્ય, ઇલાબેન પાઠક, મધુસુદન મીસ્ત્રી, સુનીલ ઓઝા, ઇન્દુકુમાર જાની, હરીણેશ પંડ્યા, દીગંત ઓઝા, ડૉ. લેન્સી લોબો, દીનેશ શુક્લ, અશ્વીન ઝીંઝુવાડીયા, કાન્તી શાહ, અશ્વીન કારીઆ વગેરેએ ભાગ લીધો હતો.

ચમકારો

‘અમને તો ત્રણ ગણા જ જોઇએ’

અશોક જાડેજા થકી ૨૦૦૦ કરોડમાં ઠગાયેલાઓને અપાવી શકાય તેટલી રકમ પાછી અપાવવાનો વીચાર કરતી સી.આઇ.ડી. ક્રાઇમ બ્રાન્ચના ડી.વાય.એસ.પી. આર. કે. પટેલ પોતાની મુંઝવણ આ રીતે રજુ કરે છે. ‘‘આ કેસમાં મુંઝવણ એ છે કે મોટાભાગના પીડીતોએ મુળ મુદ્દલ (રકમ) લખાવવાને બદલે ત્રણ ગણી થઇને મળનારી રકમ ફરીયાદોમાં લખાવી છે.’’

આમ જોવા જઇએ તો વાત વાજબી લાગે. તેઓ બરાબર કહે છે, ‘‘અમે તો ત્રણ રુપીયા પાછા મેળવવાની ગણતરીએ જ માતાજી પરની શ્રદ્ધાથી એક રુપીયો આપ્યો છે. માતાજી હવે અશોક જાડેજાને બદલે સી.આઇ.ડી. મારફત એ આપતા હોય તો તેથી અમને કોઇ ફરક પડતો નથી. અમને તો એકના ત્રણ થવાથી મતલબ છે. માધ્યમ બદલવાની જ માતાજીની મરજી હોય તો જેવી માતાજીની મરજી’’

મરણપથારીએથી પત્ની : જુઓ, મારા મૃત્યુ બાદ તમારે બીજાં લગ્ન કરવાં હોય તો ભલે કરજો, પણ મહેરબાની કરીને મારો એક પણ પોશાક તમારી આવનારીને આપતા નહીં.

પતી : તું ફીકર ના કર વહાલી, તારા બધા પોશાકો એને ખુબ ઢીલા પડે તેમ છે.

ä ä

દાદી સાથે એક રુપાળી નવયૌવના હોઝીયરી સ્ટોરમાં દાખલ થઇ ત્યારે નવરોધુપ દુકાનદાર ગ્રાહકની રાહ જોતો બેઠો હતો.

યૌવનાએ એક મોંઘી બ્રા પસંદ કરીને ભાવ પુછ્યો.

‘‘માત્ર એક આલીંગન’’ હોંશીલા દુકાનદારે કહ્યું.

‘‘વારુ, તો ચાર બ્રા પૅક કરી આપો. બીલ મારાં દાદીમા ચુકવી દેશે.’’

ä ä

‘‘કીંમત ભલે ગમે તેટલી લાગે; પહેલાં મને એ કહો કે આ ઘોડો તેના નવા માલીક તરીકે મારા પ્રત્યે વફાદાર તો રહેશે ને ?’’ ઘોડો ખરીદતાં પહેલાં ખદીદદારે વેચનારને પુછ્યું.

‘‘જરુર, જરુર સાહેબ. એ ખુબ વફાદાર છે. લડાઇમાં જ્યારે પણ જવાનું થાય છે ત્યારે એ નીચે ઝુકી જઇને મને જ આગળ જવા દે છે.’’

ä ä

‘‘એવું કયું વચન છે, જે દેનાર પાળતો નથી અને લેનાર જેના પર ભરોસો કરતો નથી ?’’

‘‘ચુંટણી સમયનું નેતાજીનું વચન.’’

ä ä

‘‘ખાસ ભલામણ કરીને મારે ઘેર રસોયો તમે જ મોકલ્યો’તો ને ?’’

‘‘હા, હા. કેવી લાગી એની રસોઇ ?’’

‘‘તમને રાત્રીભોજનનું આમંત્રણ આપવા જ આવ્યો છું. એની બનાવેલી એક પણ વાનગીને તમે વખાણશો તો તમને એક હજારનું ઇનામ આપીશ.’’

ä ä

‘‘તમે સામેનું પાટીયું વાંચ્યું નથી, જેમાં ચોખ્ખું લખ્યું છે ‘ધુમ્રપાન નીશેધ’ ?’’ કંડકટરે બસમાં સીગારેટ પેટાવતા ઉતારુને કહ્યું.

‘‘એમ તો મારી સીટ ઉપરની તક્તીમાં પણ લખ્યું છે, ‘ફક્ત મહીલાઓ માટે જ.’

PRINTED BOOK

TO

From :

વીવેકપંથી

C/o. Gulab Bheda
2-C/1, Asmita Mogra,
Dutta Jagdamba Marg,
Sher-E-Punjab Colony,
Andheri (East), Mumbai-400 093